### Gems and jewellery exports surge 19 pc in Nov due to Christmas demand

New Delhi, Dec 12 (IANS) India's gem and jewellery exports rose 19 per cent in November to $2.52 billion from $2.09 billion a year earlier, driven by gains in cut and polished diamonds, gold, silver and platinum jewellery.The YoY improvement in November was due to a low base from November 2024, when Diwali holidays closed many manufacturing units. Exporters also attributed the growth during November to strong Christmas demand in the US and China, multiple media reports said.

However, for the April–November period, overall growth remains muted as the exports were flat at $18.86 billion in 2025 compared to $18.85 billion in 2024.

The April–November data indicated a gradual recovery shaped by seasonal demand and global market trends, reports said. Analysts noted that Lab-grown diamond (LGD) jewellery is also seeing good traction as exports rose 10 per cent to $76 million in November but were down 11 per cent for April–November to $757 million. Cut and polished diamond (CPD) exports surged 38 per cent to $919.74 million in November. Gold jewellery exports in November totalled $1.21 billion, marginally lower than $1.23 billion a year earlier.

# સ્પોર્ટ્સ અપડેટ

## વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલ ૬૩મી નેશનલ સ્કેટિંગ સ્પર્ધામાં ગુજરાતનું શાનદાર પ્રદર્શન



અમદાવાદ, વિશાખાપટ્ટનમ ખાતે ૫ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન યોજાયેલ ૬૩મી નેશનલ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં ગુજરાતની સ્કેટિંગ ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને વિવિધ કેટેગરીમાં મેડલો જીતીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાતના યુવા અને પ્રતિભાશાળી બાળસ્કેટરોએ સમગ્ર ચેમ્પિયનશિપ દરમિયાન અભૂતપૂર્વ કુશળતા અને સ્પોર્ટ્સમેનશીપનું પ્રદર્શન કર્યું હતું. તેમની આ સિદ્ધિઓ રાજ્યમાં સ્કેટિંગ ક્ષેત્રે તાલીમ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો અને કોચ, વાલીઓ તથા રમતગમત સંસ્થાઓ દ્વારા મળતા મજબૂત સહકારનો પુરાવો છે.

ફિગર સ્કેટિંગ ગર્લ્સ ૦૬ થી ૦૮ વર્ષ કેટેગરીમાં મિશિકા મોદી એ સુવર્ણ ચંદ્રક જીત્યો અને આન્યા ટેકવાણીએ કાંસ્ય ચંદ્રક મેળવ્યો. ફિગર સ્કેટિંગ ગર્લ્સ ૦૮ થી ૧૦ વર્ષ કેટેગરીમાં આરના પટેલે સુવર્ણ ચંદ્રક જીત્યો અને આરોહી ટેકવાણીએ કાંસ્ય ચંદ્રક મેળવ્યો. ફિગર સ્કેટિંગ ૧૦ થી ૧૨ વર્ષ કેટેગરીમાં માનવી શાહ એ કાંસ્ય ચંદ્રક મેળવ્યો. સોલો ડાન્સ ગર્લ્સ ૦૬ થી ૦૮ વર્ષ કેટેગરીમાં આન્યા ટેકવાણીએ રજત ચંદ્રક જીત્યો અને મિશિકા મોદી એ કાંસ્ય ચંદ્રક મેળવ્યો. ગુજરાતની ટીમે કુલ ૭ ચંદ્રકો મેળવ્યા છે અને આવું પ્રથમવાર જ બન્યું છે કે એક જ ઈવેન્ટમાં બે બહેનોએ અલગ અલગ કેટેગરીમાં ગુજરાત માટે મેડલ જીત્યા છે. આ યુવા ખેલાડીઓના મેડલ માત્ર તેમની મહેનત અને સમર્પણનું પ્રતિબિંબ જ નથી, પરંતુ રાષ્ટ્રીય સ્તરે ગુજરાત રાજ્ય માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ પણ છે. આ ઉપલબ્ધી અનેક નવા ઊભરતા ખેલાડીઓને સ્કેટિંગ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરિત કરશે.

# હૂડાના વિરોધમાં હિંમતનગર સજ્જડ બંધ

### આગામી સમયમાં હૂડા સંકલન સમિતી ધારાસભ્ય અને સંસદ સભ્યનો ઘેરાવો કરશે



(તસ્વીર: મગનજીત વણઝારા, હિંમતનગર)

**(પ્રતિનિધિ) હિંમતનગર,** હિંમતનગરની આસપાસ આવેલા ૧૧ ગામના ખેડૂતોની કેટલીક મહામૂલી ખેતીલાયક જમીન હિંમતનગર અર્બન ઓથોરીટીની વિકાસ યોજનામાં કપાત તરીકે જતી હોવાને લઈને તંત્રએ થોડાક મહિના અગાઉ પ્રસિધ્ધ કરેલા સૂચિત નકશાનો વિરોધ કરીને ૯૫ દિવસથી વિવિધ કાર્યક્રમોના માધ્યમ થકી વિરોધ કરી રહ્યા છે ત્યારે હૂડા સંકલન સમિતીએ શુક્રવારે આપેલા હિંમતનગર બંધના એલાનને સરકારી તથા સહકારી બેંકો સિવાય વેપારીઓ, સહકારી સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓએ બંધને સમર્થન આપ્યું હતુ. જેને લઈને હિંમતનગર સજ્જડ બંધ રહ્યું હતુ. જોકે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ તંત્રએ શહેરના વિવિધ સ્થળે કામચલાઉ પોલીસ પોઈન્ટ કાર્યરત કર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે હૂડાના વિરોધમાં સંકલન સમિતીએ શુક્રવારે આપેલા હિંમતનગર બંધના કોલને શહેરના વેપારીઓ, સહકારી સંસ્થાઓ, માર્કેટયાર્ડ અને શૈક્ષણિક સંસ્થાઓએ શુક્રવારે બંધ પાળ્યો હતો. શહેરમાં આવેલ ટાવરચોક, બસસ્ટેન્ડ, જૂના બજાર, નવા બજાર, મહેતાપુરા, મોતીપુરા, મહાવીરનગર, પોલોગ્રાઉન્ડ, સહકારીજીન સહિતના અન્ય વિસ્તારોમાં શુક્રવારે સવારથી જ દુકાનો જડબેસલાક બંધ રહી હતી. જોકે વહેલી સવારે જીવનજરૂરીયાતની ચીજવસ્તુ સમાન દૂધ, દહીંનું વિતરણ કરાયા બાદ વિતરકો પણ બંધમાં જોડાયા હતા.

શુક્રવારે હિંમતનગર બંધના એલાન દરમ્યાન શહેરમાં કેટલેક ઠેકાણે આવેલ ખાનગી હોસ્પિટલો અને મેડિકલ સ્ટોર ચાલુ રહેવા પામ્યા હતા. ખાસ કરીને બંધ નિમીત્તે હિંમતનગરમાં આવેલ લઘુમતી વિસ્તારોએ સજ્જડ બંધ પાળ્યો હતો. જેમાં હાજીપુરા, જૂના બજાર, તીન બત્તી, હુસેનીચોક, પાણપુર પરબડા, સવગઢના પણ સહિતના અન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. ખાસ કરીને કદાચ બંધના એલાનમાં હિંમતનગર માર્કેટયાર્ડ, તાલુકા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘ જોડાયા હતા. આમ ૧૧ ગામના મિલકતધારકોના બંધના એલાનને સફળતા મળી છે. જે બદલ હૂડા સંકલન સમિતીના અગ્રણીઓએ બંધમાં જોડાવા બદલ લોકોની સરાહના કરી હતી. આમ આખો દિવસ બંધ શાંતિપૂર્ણ રહ્યો હોવાથી ખાસ કરીને પોલીસતંત્રએ રાહતનો દમ લીધો છે.

#### વાયુ પ્રદૂષણને ડામવા લોન લીધી

# યુપી અને હરિયાણાએ વર્લ્ડ બેન્ક પાસેથી રૂા.૪૯૭૭ કરોડની લોન લીધી

**નવી દિલ્હી,** વર્લ્ડ બેન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ બોર્ડે આજે ભારતના બે મહત્ત્વપૂર્ણ રાજ્ય - ઉત્તર પ્રદેશ(યુપી) અને હરિયાણામાં હવાની ગુણવત્તા સુધારવા માટે બે મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોને ભંડોળ મંજૂર કર્યું છે. આ કાર્યક્રમોનો ઉદ્દેશ્ય ૨૭૦ મિલિયન લોકોને સ્વચ્છ હવા પૂરી પાડવાનો છે, જેના લાભ અન્ય રાજ્યોમાં પણ જોવા મળશે. આ પ્રોજેક્ટ્સનો હેતુ આ બંને રાજ્યોને બિઝનેસ ડેસ્ટિનેશન તરીકે વધુ આકર્ષક બનાવવાનો અને રોજગાર સર્જનને વેગ આપવાનો પણ છે.

વર્લ્ડ બેન્કના કાર્યકારી કન્ટ્રી ડાયરેક્ટર, પૉલ પ્રોસીએ જણાવ્યું હતું કે, દક્ષિણ એશિયામાં વાયુ પ્રદૂષણના કારણે લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થઈ રહી છે. જેના કારણે ઉત્પાદકતા ઘટી રહી છે અને જીવનની ગુણવત્તા બગડી છે. હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં શરૂ કરાયેલા આ કાર્યક્રમો ખાસ છે. કારણ કે, રાજ્ય સરકારએ પ્રથમ વખત એરશેડ-આધારિત અનેક ક્ષેત્રોને આવરી લેતા પ્રોજેક્ટ્સ દ્વારા વાયુ પ્રદૂષણના પ્રશ્નનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ કાર્યક્રમો દ્વારા ઉત્પાદકતા વધારવા અને યુવાનો અને મહિલાઓ માટે ગ્રીન જોબ્સ કેવી રીતે ઊભી કરી શકાય છે તે દર્શાવવામાં આવશે.

યુપી ક્લીન એર મેનેજમેન્ટ પ્રોગ્રામમાટે ૨૯૯.૬૬ મિલિયન ડોલર એટલે કે આશરે ૨૪૮૭ કરોડ રૂપિયાનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુપી સરકારના ક્લીન એર પ્લાન પર આધારિત છે, જે વાહનવ્યવહાર, કૃષિ અને ઉદ્યોગ જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં રોકાણ કરીને રાજ્યમાં વાયુની ગુણવત્તામાં સુધારો લાવશે.

આ પ્રોજેક્ટ હેઠળ, ૩.૯ મિલિયન ઘરોને સ્વચ્છ રસોઈની સુવિધા પ્રાપ્ત થશે. પરિવહનના ક્ષેત્રમાં, લખનઉ, કાનપુર, વારાણસી અને ગોરખપુર જેવા શહેરોમાં ૧૫,૦૦૦ ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર અને ૫૦૦ ઈલેક્ટ્રિક-બસ શરૂ કરીને સ્વચ્છ પરિવહનને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ ઉપરાંત, ૧૩,૫૦૦ પ્રદૂષણ ફેલાવતા હેવી-ડ્યુટી વાહનોને ઓછા ઉત્સર્જનવાળા વાહનોથી રિપ્લેસ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

# ખેડા જિલ્લા કલેક્ટરે બેદરકારી દાખવનાર તલાટીને ફરજ મોકૂફ કર્યા

**(પ્રતિનિધિ) નડિયાદ,** ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શિસ્ત અને ફરજપ્રતિની પ્રતિબદ્ધતા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક અને કડક પગલા લેવામાં આવ્યા છે. મામલતદાર કચેરી, નડિયાદ ખાતે મહેસુલી તલાટી તરીકે ફરજ બજાવતા શ્રી વિજય રબારી બિનપરવાનગી ગેરહાજર રહેવા તથા ફરજ દરમિયાન બેદરકારી દાખવવા બાબતે, ગુજરાત સેવા શિસ્ત અને વર્તણૂંકના નિયમોના ભંગ બદલ જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવ દ્વારા તેમને ફરજ મોકૂફી હેઠળ મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે.

જિલ્લા વહીવટી તંત્રના કાર્યોમાં સમયસર હાજરી, જવાબદારી, કાર્યનિષ્ઠા અને પારદર્શિતા એ મુખ્ય મૂલ્યો છે. સરકારી સેવા એ જાહેર હિત સાથે સંકળાયેલ સંવેદનશીલ ક્ષેત્ર હોવાથી, કોઈપણ પ્રકારની બેદરકારી, ઉદાસીનતા અથવા નિયમોનો ભંગ સ્વીકાર્ય નથી. આ પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા કલેકટર એ તાત્કાલિક વહીવટી નિર્ણય લઈ ઉદાહરણરૂપ કાર્યવાહી કરી છે.

જિલ્લામાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ કર્મયોગી ભાવના સાથે ફરજ બજાવવી, નિયમોનું પાલન કરવું તથા સમયબદ્ધ અને ગુણવત્તાયુક્ત સેવા પહોંચાડવી જરૂરી છે. જિલ્લા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભવિષ્યમાં પણ ફરજ પ્રત્યેની બેદરકારી અંગે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવવામાં આવશે. જાહેર હિત અને વહીવટી શિસ્ત જાળવવા જિલ્લા વહીવટી તંત્ર સતત સજાગ અને પ્રતિબદ્ધ છે.

# ગોધરા ખાતે સ્વદેશી અભિયાન અંતર્ગત ત્રિ-દિવસીય ‘સશક્ત નારી મેળો’ યોજાશે

### તા.૧૮ ડિસે. થી તા.૨૦ ડિસે. દરમિયાન લાલબાગ ટેકરી મેદાન, બસ સ્ટેશનની પાછળ, ગોધરા ખાતે આયોજન



**(પ્રતિનિધિ) ગોધરા,** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના વિઝન સાથે ગુજરાતમાં મહિલાઓના યોગદાનને પ્રદર્શિત કરવા, ઉજવણી કરવા અને સશક્ત કરવા માટે રાજ્યભરમાં સશક્ત નારી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ સ્વદેશી અભિયાન અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ તા.૧૮ ડિસેમ્બરથી તા.૨૦ ડિસેમ્બર દરમિયાન લાલબાગ ટેકરી મેદાન, બસસ્ટેશનની પાછળ, ગોધરા ખાતે ત્રિ-દિવસીય ‘સશક્ત નારી મેળો‘ યોજાશે. જેના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાના માર્ગદર્શન હેઠળ કલેકટર કચેરી, ગોધરા સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ×સશક્ત નારી મેળા× દ્વારા મહિલાની આગેવાની હેઠળના આર્થિક અને સામાજિક સશક્તિકરણને જિલ્લા સ્તરીય પ્લેટફોર્મ પૂરું પાડશે અને સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક હસ્તકલા, સેલ્ફ હેલ્પ ગ્રુપ અને મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોતસાહન પૂરૂ પાડશે તેમ જણાવવામાં આવ્યું હતું. ઉપરાંત આ મેળામાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવો અંગે, સ્ટોલમાં ભાગ લેનારની તમામ વ્યવસ્થાઓનું કાળજીપૂર્વકનું આયોજન કરવા અને આનુષાંગિક વ્યવસ્થા માટે સંબંધિત વિભાગને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી અને ઈ.ચા.જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એમ.દેસાઈએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપતા તા.૧૮ થી તા.૨૦ ડિસેમ્બર દરમિયાન લાલબાગ ટેકરી મેદાન, બસસ્ટેશનની પાછળ, ગોધરા ખાતે ‘સશક્ત નારી મેળો‘ યોજાશે તેમ જણાવી તેનો મુખ્ય હેતુ મહિલાઓ માટે સ્ટાર્ટઅપ સપોર્ટ, મહિલા કેન્દ્રીત સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન તેમજ મહિલા ઉદ્યોગસાહસિકતા સાથે સ્વદેશી મૂલ્યો પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે તેમ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ ચાલનાર આ મેળામાં મહિલા સશક્તિકરણને લક્ષમાં રાખીને સ્વદેશી પ્રદર્શન, માહિતી અને જાગૃતિ કાઉન્ટર, વિશિષ્ટ ક્ષેત્રમાં યોગદાન આપનાર મહિલાઓનું સન્માન, જિલ્લાકક્ષાએ મહિલા સ્ટાર્ટઅપ પિંચિંગ, બેંક અને એન.બી.એફ.સી. લિંકેજ ડેસ્ક, તેમજ ડિજિટલ સાક્ષરતા અને ઓનલાઈન વ્યવસાય ક્ષમતા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

# આણંદની હોટલ સનરાઈઝ સીલ કરવામાં આવી

**(પ્રતિનિધિ) આણંદ,** કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી ના માર્ગદર્શન હેઠળ મનપાના એસ્ટેટ વિભાગના અધિકારી અને તેમની ટીમ દ્વારા મનપા વિસ્તારમાં આવેલ હોટલ નું આકસ્મિક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને હાલ આ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

આ ઝુંબેશ અંતર્ગત મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા રેલ્વે સ્ટેશનની સામેના વિસ્તારમાં આવેલ દુકાન નંબર ૦૧, શોપિંગ સેન્ટર અને ગેસ્ટ હાઉસ ની મ્યુનિસિપલ દુકાનો, હોટલ સનરાઈઝના સંચાલકશ્રી મોહમ્મદ આસીફ મિયા સેલિયાને આપવામાં આવેલ નોટિસનો ૧૦ દિવસ પૂરા થવા છતાં પણ યોગ્ય પુરાવા સાથેનો જવાબ રજૂ કરવામાં નિષ્ફળ નિવડતા મહાનગરપાલિકાની શરતોનો ભંગ કરવા બદલ હોટલ સનરાઈઝ તાત્કાલિક અસરથી આજ તા. ૧૨મી ડિસેમ્બર ના રોજ થી મનપાના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા સીલ કરવામાં આવી છે.

# નડિયાદ : ન્યૂ સંતરામ પાન પાર્લરમાંથી ઈ - સિગારેટનો જથ્થો ઝડપાયો

**(પ્રતિનિધિ) નડિયાદ,** નડિયાદ રેલવે સ્ટેશન બહાર આવેલ ન્યુ સંતરામ પાન પાર્લર નામની દુકાન અને દુકાન માલિકના ઘરમાંથી મળી કુલ રૂપિયા૧૨,૧૦૦ કિંમતનો પ્રતિબંધિત ઈ-સિગારેટ/લિક્વિડનો જથ્થો નડિયાદ શહેર પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી પોલીસે દુકાનદાર ની અટકાયત કરી છે પોલીસની પ્રાથમિક તપાસમાં મુકેશ રૂચંદાણી આ પ્રતિબંધિત ઈ - સિગરેટ નો જથ્થો આણંદના ઈસમ પાસેથી લાવ્યો હોવાનો ખુલાસો થયો હતો. મળતી માહિતી મુજબ નડિયાદ રેલ્વે સ્ટેશન બહાર આવેલ ન્યુ સંતરામ પાન પાર્લરમાં દુકાનદાર મુકેશ અશોક રૂચંદાણી (સીંધી) ઘણા સમયથી પ્રતિબંધિત ઈ - સિગરેટ વેચતો હોવાનું કહેવાય છે દરમિયાન નડિયાદ શહેર પોલીસ ટીમને ગઈકાલે સાંજના સમયે પેટ્રોલિંગ દરમિયાન આની વાતની મળી હતી જેના પગલે પોલીસે ન્યુ સંતરામ પાન પાર્લર ખાતે ધસી જઈ છાપો માર્યો હતો અને પોલીસે દુકાનમાં તપાસ હાથ ધરી ફ્રીઝ પર મુકેલ પ્રતિબંધિત લીકવીડ નિકોટીન રીફીલ સાથેનુ રૂપિયા ૧૧૦૦ની કિંમત નું ઈ-સિગારેટનું એક પેકેટ ઝડપી પાડ્યું હતું અને પોલીસે દુકાનમાં હાજર દુકાનદાર મુકેશ અશોક રૂચંદાણી (સીંધી), ઉંમર આશરે ૩૮, રહેઃ સી.૧૮, પૂજન બંગ્લોઝ જવાહરનગર મંજીપુરા રોડ, નડિયાદ ની અટકાયત કરી હતી બાદ પોલીસ ની પ્રાથમિક પૂછપરછ તેણે બીજી પ્રતિબંધિત ઈ સિગરેટ નો જથ્થો પોતાના ઘેર છુપાવ્યો હોવાની કબુલાત કરતા પોલીસે મુકેશ રૂચંદાણીના મંજીપુરા રોડ પર આવેલ ઘેરથી સર સામાનમાં છુપાવેલ રૂપિયા ૧૧,૦૦૦ ની કિંમત નો પ્રતિબંધિત ઈ સિગરેટર નો જથ્થો ઝડપી પાડ્યો હતો.

**“લીલામણી માન્ચેસ્ટર પાર્ક” ઓફ નોર્ફોક બિઝનેસ પ્રાઇવેટ લિમિટેડ**

"લીલામણી માન્ચેસ્ટર પાર્ક" ઓફ નોર્ફોક બિઝનેસ પ્રાઇવેટ લિમિટેડ, અને લીલામણી ઇન્ફ્રા દ્વારા વિકસાવવામાં આવશે. પ્લોટ નં. એ૧/૧/૨ ઑફ એસ.પી. નં. એ/૧/૧, એફ.પી. નં. ૬૨, ૬૩, ટી.પી.એસ. નં. ૯ અને એફ.પી. નં. ૨૪ (સી.એસ. નં. ૪૨૫) ૨૯ (સી.એસ. નં. ૪૮૬),એફ.પી.એસ. નં. ૭, અશીમા મિલ કમ્પાઉન્ડ નજીક ભગત ધાણાદાળ, ખોખરા, મોજે મીઠીપુર, રખીયાલ, તાલુકો: મણિનગર, જિલ્લો: અમદાવાદ,મીઠીપુર, રખીયાલ, અમદાવાદ, ગુજરાત – ૩૮૦૦૨૧ .પ્રાયોજિત પ્રોજેક્ટને એસઈઆઈએએ દ્વારા ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ પર્યાવરણીય મંજૂરી માટે મંજૂરી આપવામાં આવી છે અને મંજૂરીના પત્રની એક નકલ જીપીસીબીમાં ઉપલબ્ધ છે. એસઈઆઇએએ/ એસઇએસી/ જીપીસીબી વેબસાઈટ પર પણ જોઈ શકાય છે.

પ્રપોઝલ નંબર :- એસઆઈએ/જીજે/આઈએનએફઆરએ2/૪૭૮૯૯૩/૨૦૨૪.
અને
ફાઈલ નંબર :- એસઈએસી /જીજે/ઇન્ફ્રા2/૪૭૮૯૯૩/૩૫૧૦૭/૨૦૨૪

# અમૃત ભારત યોજના હેઠળ પુનર્વિકસિત ગોધરા જંક્શનનું GM દ્વારા નિરીક્ષણ



(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

**(પ્રતિનિધિ) ગોધરા,** પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં અમૃત ભારત સ્ટેશન યોજનાના અંતર્ગત પુનર્વિકસિત થયેલ ગોધરા જંક્શન રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરવા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર વિવેકકુમાર ગુપ્તા આજે મુલાકાતે આવ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન સ્ટેશન પર ચાલી રહેલા આધુનિકીકરણના કાર્યોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.સ્ટેશનના નવીનીકૃત બિલ્ડિંગ, સુવિધાસભર પ્લેટફોર્મ, મુસાફરો માટે તૈયાર કરાયેલા નવા વેઈટિંગ એરિયા સહિતની અનેક આધુનિક સુવિધાઓનું GM દ્વારા સ્થળ પર જઈને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાથે જ વાર્ષિક નિરીક્ષણના ભાગરૂપે રેલવે કોલોની, રનિંગ રૂમ, આરપીએફ બેરેક અને અન્ય વિભાગીય સુવિધાઓની પણ તપાસ કરી હતી.મુસાફરોની સુરક્ષા અને સગવડ સર્વોચ્ચ પ્રાથમિકતા હોવાનું જનરલ મેનેજરે સ્પષ્ટ કરતા અધિકારીઓને સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાના નિર્દેશ આપ્યા. આરપીએફ સ્ટાફના કાર્યનું મૂલ્યાંકન કરીને સુરક્ષા દ્રષ્ટિએ વધારાના પગલાં લેવા અંગે પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

મુલાકાત દરમ્યાન સ્થાનિક અગ્રણીઓએ કેટલીક મહત્વની ટ્રેનોના ગોધરા ખાતે સ્ટોપેજ વધારવા અંગે રજૂઆત કરી હતી. GM વિવેકકુમાર ગુપ્તાએ રજૂઆતને ગંભીરતાથી લઈ આગામી સમયમાં આ મુદ્દે યોગ્ય વિચારણા કરીને નિર્ણય લેવાશે તેવી ખાતરી આપી હતી.આ નિરીક્ષણ પ્રવાસ દરમિયાન વડોદરા ડીઆરએમ રાજુ ભડકે, રેલવે અધિકારીઓ, ઈજનેરો, સુરક્ષા વિભાગના પ્રતિનિધિઓ અને ગોધરાના સ્ટેશન માસ્ટર ઉપસ્થિત રહ્યા હતા.

#### સાબરકાંઠા જિલ્લા કક્ષા યુવા ઉત્સવમાં

# શ્રી એચ.કે પટેલ હાઇસ્કુલ ઉંચીધનાલના વિદ્યાર્થીઓનું જવલંત પ્રદર્શન



(તસ્વીરઃ હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,** સાબરકાંઠા જિલ્લા કક્ષા યુવા મહોત્સવ ૨૦૨૫ નું ભવ્ય આયોજન શ્રી એન.ડી. શાહ હાઈસ્કુલ, અડપોદરા મુકામે તારીખઃ- ૧૦ /૧૨/ ૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું હતું આ સ્પર્ધામાં શ્રી એચ.કે.પટેલ હાઈસ્કુલ, ઊંચીધનાલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે!

(૧) નિબંધ સ્પર્ધા ×બ ×વિભાગ- બારોટ કશીશબેન સુરેશભાઈ (પ્રથમ નંબરં) (૨) લોકગીત સ્પર્ધા× ખુલ્લો× વિભાગ -ઠાકરડા રાજુભાઈ ધુળાભાઈ( દ્વિતીય નંબર ) (૩) લોક નૃત્ય સ્પર્ધા ×ખુલ્લો× વિભાગ -ગમાર તેજલબેન લીલાભાઈ (દ્વિતીય નંબર) (૪) શિઘ્ર વકૃત્વ સ્પર્ધા ×ખુલ્લો× વિભાગ -ખોખરીયા અજય કુમાર વિજયભાઈ (દ્વિતીય નંબર) (૫)ભાષણ સ્પર્ધા ×ખુલ્લો× વિભાગ- ગોસ્વામી વૈદેહી બેન કલ્પેશભાઈ (દ્વિતીય નંબર) (૬) સમૂહ ગીત સ્પર્ધા ×ખુલ્લો× વિભાગ -પટેલ શ્રેયાબેન પી તથા ટીમ (તૃતીય નંબર) આચાર્યશ્રી વિનોદભાઈ પટેલ દ્વારા આ સિદ્ધિ બદલ હર્ષ અને ગૌરવની લાગણી વ્યક્ત કરાઈ હતી. તેમજ વિજેતા વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવતા જણાવ્યું કે આ યુવા ઉત્સવમાં આપણા વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા અને સંસ્કૃતિને જે રીતે રજૂ કરી છે તે ખરેખર પ્રશંશનીય છે આ માત્ર તેમની જ નહીં પણ સમગ્ર શાળા પરિવારની મહેનતનું ફળ છે. અને વિજેતા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# વાપી ખાતે સેલ્યુટ તિરંગાની કારોબારીની મિટિંગ યોજાઈ



(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) વાપી,** તા. ૧૨/ ૧૨/ ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ઉત્તમભાઈ પટેલના અધ્યક્ષતામાં વાપી ખાતે સેલ્યુટ તિરંગાની કારોબરીની મિટિંગ યોજાઈ જેમાત U.K. ના સેલ્યુટ તિરંગાનોં .દ્ર. ના પ્રેસિડેન્ટ કેશવભાઈ બટાકનું સેલ્યુટ તિરંગાના પદાધિકારીઓ વલસાડ જીલ્લા મહિલા પ્રમુખ શ્રીમતી ભાવના બહેન પ્રજાપતિ અને યોગિતા બહેન પાટિલ વાપી નોટિફાઈડ એરિયાના મહિલા પ્રમુખ તેમજ રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ઉત્તમભાઈ પટેલ, રાષ્ટ્રીય પ્રમુખ અંબાલાલ બારિયા, રાષ્ટ્રીય મીડિયા ઈન્ચાર્જ રાજેશ પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પિયુષ શાહ, ગુજરાત પ્રદેશ કાર્યકરી અધ્યક્ષ ચૂડાશમાજી, ગુજરાત પ્રદેશ મહામંત્રી સુધીર શાવલાજી તેમજ અન્ય પધારેલા પદાધિકારીઓ તરફથી શ્રી કેશવભાઈ બટાકનું સન્માન કરી અને ૧૫ ડિસેમ્બરને સોમવારે યોજાનારી દમણ શર્કીટ હાઉસ ખાતે સેલ્યુટ તિરંગા ક્રિકેટ લીગ અંગે તેમજ સંગઠન અંગે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી. તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ ઉપરોક્ત કાર્યક્રમમા સેલ્યુટ તિરંગાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ. રાજેશભાઈ ઝા તેમજ રાષ્ટ્રીય મહાસચિવ શ્રી રવીભાઈ ચીકારા પધારવાના છે. તે અંગેના કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

**SILVER OAK UNIVERSITY**
EDUCATION TO INNOVATION
Established Under Gujarat Private Universities Act 2009
ACCREDITED WITH GRADE A NAAC

**Ph.D. Admission Year : 2025-26**

Applications are invited for admission to Ph.D. Programmes in various faculty for year 2025-26 (January Intake). Interested candidates may visit the website: **https://silveroakuni.ac.in/** for further details.

**Application Start Date: 15 December 2025**
**Last date for Applications: 13 January 2026 till 5:00 PM**

Submit filled application form at below mention Silver Oak University address along with Cheque/Online Payment details of Application fees.
**(Cheque 1500/- Rs in favour of "Silver Oak University Centre for Research")**

**Silver Oak University Campus,** Nr. Bhavik Publications, Opp. Bhagwat Vidyapith, S.G. Road, Gota, Ahmedabad-382481. Ph.: 079 - 66046300
• **Email :** osdresearch@silveroakuni.ac.in • **Web :** www.silveroakuni.ac.in

# નાનાપોંઢા ખાતે જિલ્લા કક્ષાનો સ્કિલ કોમ્પિટિશન ૨૦૨૫-૨૬ કાર્યક્રમ યોજાયો



(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) વલસાડ,** વલસાડ જિલ્લામાં જિલ્લા કક્ષાનો સ્કિલ કોમ્પિટિશન ૨૦૨૫-૨૬ કાર્યક્રમ એન.આર. રાઉત સાર્વજનિક વિદ્યાલય, નાનાપોંઢા ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો.કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડો. રાજેશ્રી એલ. ટંડેલની ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિવિધ સ્કિલ આધારિત કૃતિઓ રજૂ કરી હતી. જિલ્લાની ૭૨ શાળાઓમાંથી કુલ ૩૧૦ વિદ્યાર્થીઓ ટ્રેડ-વાઈઝ પ્રોજેક્ટ્સ સાથે સ્પર્ધામાં જોડાયા હતા. જિલ્લા સ્તરના વોકેશનલ નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને વ્યવસાયિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે (પૂર્વ મંત્રીશ્રી) અને કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી તમામ કૃતિઓનું નિરીક્ષણ કર્યું અને વિદ્યાર્થીઓને ઉત્સાહ વર્ધક માર્ગદર્શન આપ્યું.કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચપલોત પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા સ્તરે નિર્ણયકમંડળ દ્વારા નીચે મુજબની ત્રણ ટીમો વિજેતા જાહેર કરવામાં આવી હતી.૧. પ્રથમ સ્થાનઃ સરકારી માધ્યમિક શાળા કાસ્ટોનિયા, કપરાડા. ૨.દ્વિતીય સ્થાનઃ સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા હનમતમાળ, ધરમપુર.૩. તૃતીય સ્થાનઃ ભગિની સમાજ હાઈસ્કૂલ. વિજેતા ટીમોને શિલ્ડ અને પ્રમાણપત્રો તથા તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# KSH ઇન્ટરનેશનલ લિમિટેડનો આઈપીઓ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ખૂલશે

**અમદાવાદ,** KSH ઈન્ટરનેશનલ લિમિટેડે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. ૫/- ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શૅર માટે રૂ. ૩૬૫/- થીરૂ. ૩૮૪/- ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ("IPO" અથવા ‘ઈશ્યૂ’) મંગળવાર, ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ગુરુવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૩૯ ઈક્વિટી શૅર માટે અને ત્યારબાદ ૩૯ ઈક્વિટી શૅરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. આ IPO રૂ. ૪૨૦ કરોડનો નવો ઈશ્યૂ છે અને પ્રમોટર્સ - કુશલ સુબ્બૈયા હેગડે, પુષ્પા કુશલ હેગડે, રાજેશ કુશલ હેગડે અને રોહિત કુશલ હેગડે દ્વારા રૂ. ૨૯૦ કરોડ સુધીની ઓફર-ફોર-સેલ છે.

કંપની નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ઉત્પાદન ક્ષમતાની દ્રષ્ટિએ ભારતમાં મેગ્નેટ વિન્ડિંગ વાયરની ત્રીજી સૌથી મોટી ઉત્પાદક છે (સ્રોત - CARE રિપોર્ટ). નાણાકીય વર્ષ ૨૦૨૫ માં નિકાસ આવકની દ્રષ્ટિએ તે ભારતમાંથી મેગ્નેટ વિન્ડિંગ વાયરની સૌથી મોટી નિકાસકાર પણ છે (સ્રોત - CARE રિપોર્ટ).

કંપનીએ ૧૯૮૧ માં મહારાષ્ટ્રના રાયગઢના તલોજામાં મેગ્નેટ વાઈન્ડિંગ વાયરનું ઉત્પાદન કરીને તેની કામગીરી શરૂ કરી હતી અને છેલ્લા ચાર દાયકામાં તેણે ગ્રાહકોની જરૂરિયાતો અનુસાર વિવિધ પ્રકારના પ્રમાણભૂત અને વિશિષ્ટ મેગ્નેટ વાઈન્ડિંગ વાયરનું ઉત્પાદન કરવા માટે તેની કામગીરીમાં વૈવિધ્યીકરણ કર્યું છે.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**PARAMOUNT COSMETICS (INDIA) LIMITED**
PARAMOUNT Rising beyond imagination
**CIN:** L24240GJ1985PLC008282
**Regd. Office:** Plot No. 165/B-15 & 16, 2nd Phase G.I.D.C, Vapi, District Valsad, Gujarat-396195
**Corp. Office:** 902-904, 9th Floor, Prestige Meridian-1, 29 M.G. Road, **Phone No.:**0265-2362200/2361100
• **Email:** compliance.officer@parammount.com • **Website:** www.parammount.com

**POSTAL BALLOT NOTICE**

Pursuant to the provisions of Sections 110 and Section 108 of the Companies Act, 2013 read with Rule 22 of the Companies (Management and Administration) Rules, 2014, Regulation 44 of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and in compliance with the relevant Circulars issued from time to time by Ministry of Corporate Affairs and Securities and Exchange Board of India, the Company is seeking approval from its members for the resolutions set out in postal ballot notice dated 12th December, 2025 by way of remote electronic voting process (remote e-voting).

In terms of aforesaid circulars, the process of dispatch of the Postal Ballot Notice along with the explanatory statement thereof pursuant to Section 102 of the Act through e-mail has been completed on 12th December 2025. Central Depository Services (India) Limited (CDSL) has been engaged by the Board of Directors of the Company for providing the e-voting platform. Members whose names are recorded in the Register of Members of the Company or in the Register of beneficial owners maintained by the Depositories as on the cut-off date i.e. 05th December 2025 will be entitled to cast their votes by voting. A person who is not a member on the cut-off date should accordingly treat the Postal Ballot as for information purpose only.

Further, the Postal Ballot Notice has been sent by email to all members who have registered their email addresses with the Company or depository /depository participants and the communication of assent / dissent of the members will only take place through the remote e-voting system. This Postal Ballot is accordingly being initiated in compliance with the MCA Circulars.

Incase of Member(s) who have not registered their e-mail address with the Company/Depositary, are requested to please follow the below instructions to register their e-mail address for obtaining Postal Ballot Notice and login details fore-voting.

a. For Members holding shares in Physical mode and whose e-mail address are not registered/updated are requested to register/update their E-mail ID by contacting their respective Depository Participant or by email to Bgse Financials Limited (RTA) at: cs_rta@btsl.co.in

b. Members holding shares in Demat mode and whose e-mail addresses are not registered/ updated are requested to register! update their E-mail ID by contacting their respective Depository Participant.

E-voting will commence from **15th December 2025 (9.00 A.M.)** and will close on **13th January 2026 (5.00 P.M.).** In case you have any queries/ grievance, Members may refer to the Frequently Asked Questions ("FAQs") and e-voting user manual for Shareholders available at the Downloads section of CDSL's E-Voting website:helpdesk.evoting@cdslindia.com.The results of remote e-voting along with the Scrutinizer's Report will be placed on the Company's website and on the website of CDSL **(www.evotingindia.com)** for information to the Members and communicated to the BSE Limited. The Postal Ballot Notice is available on the Company's website **www. Parammount.com** CDSL's e voting website and BSE Ltd **(www.bseindia.com)**

For Paramount Cosmetics (India) Limited
Sd/-
**Hiitesh Topiiwaalla**
Managing Director
DIN: 01603345

Place: Bangalore
Date: 12th December 2025